RCS. 49/2004
આંક– ૧૫૦

નામ:– પ્રદીપસિંહ અજીતસિંહ પરમાર
ઉ.વ.– ૩૯
ધંધો:– સબ રજીસ્ટ્રાર,હળવદ
રહે. સુરેન્દ્રનગર

સોગંદ આપ્યા.....

**<u>સરતપાસ વાદી તર્ફે વિ.વ.શ્રી વી.સી.જાની</u>**

(૧) હું અંદાજીત છેલ્લા એક વર્ષથી હળવદ ખાતે સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ પર છું. મને ૨૦૨૨ની સાલમાં સબ રજીસ્ટ્રાર તરીકે પ્રમોશન મળેલ તે પહેલા હું સબ રજીસ્ટ્રાર કચેરીના કલાર્ક તરીકેના હોદા ઉપર હતો. મારા કામકાજમાં જે વેંચાણ દસ્તાવેજો રજીસ્ટ્રેશન માટે આવે તેની નોંધણી ધ રજીસ્ટ્રેશન એકટ મુજબ કરવાના થાય છે. હું આજરોજ મારી સાથે વેંચાણ દસ્તાવેજ નંબર ૧૧૬૨ તારીખ ૨૬/૬/૧૯૮૪, વેંચાણ દસ્તાવેજ નંબર ૮૬૦ તારીખ ૧૦/૫/૨૦૦૨, વેંચાણ દસ્તાવેજ નંબર ૨૨૮ તારીખ ૩૧ /૧/૨૦૦૪ અને વેંચાણ દસ્તાવેજ નંબર ૮૧૮ તારીખ ૩૧/૩/૨૦૦૪ ની સહી સીકકાવાળી નકલો ઓળખી બતાવી રજુ રાખું છું. જે વેંચાણ દસ્તાવેજ નં બર ૧૧૬૨ તારીખ ૨૬/૬/૧૯૮૪ રજુ દાખલ **આંક–૧૫૧** , વેંચાણ દસ્તાવેજ નંબર ૮૬૦ તારીખ ૧૦/૫/૨૦૦૨ રજુ દાખલ **આંક –૧૫૨** વેંચાણ દસ્તાવેજ નંબર ૨૨૮ તારીખ ૩૧/૧/૨૦૦૪ રજુ દાખલ **આંક–૧૫૩** અને વેંચાણ દસ્તાવેજ નંબર ૮૧૮ તારીખ ૩૧/૩/૨૦૦૪ રજુ દાખલ **આંક– ૧૫૪**. આ ચારેય દસ્તાવેજોમાં વેંચનાર ની સહી/અંગુઠો છે અને સાક્ષીઓની સહી/અંગુઠો છે. આ ચારેય દસ્તાવેજોની નોંધણી અમારી કચેરીમાં નીયમોનુસાર નોંધાયેલ છે અને તેનું રેકર્ડ અમારી કચેરીમાં ઉપલબ્ધ છે. હું રેકર્ડ આધારીત જુબાની આપુ છું.

**<u>ઉલટતપાસ પ્રતિવાદી નં. ૬,૭ તર્ફે વિ.વ.શ્રી એચ.કે.વ્યાસ</u>**

(૨) એ વાત ખરી છે કે, હું રેકર્ડ આધારીત જુબાની આપુ છું. એ વાત ખરી છે કે, આ ચાર દસ્તાવેજમાં વેંચનારની સહી મારી રૂબરૂ લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે,

આ દસ્તાવેજમાં લખેલ વેંચનાર જે તે વખતે સબ રજીસ્ટ્રાર કચેરીમાં હાજર હતા કે કેમ તે હું ચોકકસ કહી શકુ નહી. એ વાત ખરી છે કે, આ દસ્તાવેજો રજીસ્ટર્ડ કરતી વખતે જે તે સમયે ઓળખના કોઈ પુરાવા લેવામાં આવતા ન હતા કે કોઈ ફોટોગ્રાફ પણ લેવામાં આવતા ન હતા. એ વાત ખરી છે કે, મીલ્કતના ફોટોગ્રાફ પણ આ દસ્તાવેજો સમયે લેવામાં આવતા ન હતા. એ વાત ખરી છે કે, આ ચારેય દસ્તાવેજો વાળી મીલ્કતના ફોટોગ્રાફ મીલ્કતમાં ન હોય તેથી મીલ્કત સંબંધે હું કહી શકુ નહી.

ફેરતપાસ નથી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૧/૯/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧